# સિદ્ધાચલ – આધ્યાત્મિક યાત્રા

પ. પૂજ્ય પંન્યાસ પ્રવરશ્રી જિનપ્રેમવિજયજી મહારાજ

**સૌ સિદ્ધગિરિ જઈએ, ગિરિ ભેટી પાવન થઈએ**
**સોરઠ દેશે યાત્રાનું મોટું ધામ છે.**

ગિરિનો અર્થ છે નિશ્ચલ. નિશ્ચલનો અર્થ છે આત્મા. યાદ આવે શાંતસુધારસ.

**नित्यमेकं चिदानन्दमयमात्मनो रूपभिरूप्य...**

સિદ્ધગિરિનો નૈશ્ચયિક અર્થ છે સિદ્ધાત્મા – સિદ્ધાત્માને ભેટવું એટલે શુદ્ધાત્મસ્વરૂપની પરિણતિ આત્માના પ્રત્યેક પ્રદેશે પરિણમાવવી. આપણા જીવનનો સર્વોત્કૃષ્ટ ઉદ્દેશ્ય અને તાત્ત્વિક દૃષ્ટિએ એક માત્ર ઉદ્દેશ્ય આ જ છે – સિદ્ધગિરિને ભેટવું.

આપણી પાસે સંયોગ હોય છે. વધુમાં વધુ સંયોગ. આપણે એને જ ભેટવામાં ખતાવી દેતા હોઈએ છીએ. આત્માનો એક એક પ્રદેશ પરોવાઈ ગયો હોય એનું નામ ભેટવું. વિભાવાત્માનો વિલય થઈ જાય ને સ્વભાવાત્માનું પ્રાગટ્ય થઈ જાય એનું નામ ભેટવું. નથી ભેટ્યા એનું નામ સંસાર. ભેટ્યા એનું નામ મોક્ષ. યાદ આવે અધ્યાત્મસાર –

**प्रपञ्च सञ्चयक्लिष्टान् मायारूपाद बिभेमि ते ।**
**प्रसीद भगवन्नात्मन्! शुद्धं रूपं प्रकाशय ।।**
**ઓ ભગવાન આત્મા!**
**આ તારા પ્રપંચોથી ક્લિષ્ટ માયાવી રૂપથી**
**મને ડર લાગે છે**
**તું પ્રસન્ન થા**
**અને શુદ્ધ સ્વરૂપને પ્રગટ કર.**

ભેટવું પણ શી રીતે – એનો સંકેત અપાઈ રહ્યો છે –

**સોરઠ દેશે જાત્રાનું મોટું ધામ છે.**

જ્યાં સુધી સોરઠ દેશમાં ન આવો ત્યાં સુધી સિદ્ધગિરિને ભેટવું શક્ય નથી. સમસ્ત ભવચક્રનો એક દેશ છે, જેનું નામ છે ચરમાવર્ત. ચરમાવર્ત એ સોરઠ દેશ છે, આત્મા ચરમાવર્તમાં આવે પછી જ શુદ્ધાત્મ પરિણતિ શક્ય હોય છે. સોરઠ દેશમાં આવી જઈએ એ પણ પૂરતું નથી. હજી આગળ જવું પડશે.

**જ્યાં ધર્મશાળા બહુ સોહે મહેલાતો મનડા મોહે**
**એવું રૂડું આ પાલીતાણા ગામ છે.**

સોરઠ દેશનો અર્થ પાલીતાણા નથી, સોરઠ દેશમાં પાલીતાણા છે. ચરમાવર્તનો અર્થ મોક્ષભૂમિકા નથી, ચરમાવર્તની અંદર મોક્ષભૂમિકા મળતી હોય છે. મોક્ષભૂમિકા એટલે પાલીતાણા. મોક્ષભૂમિકા એટલે માર્ગાનુસારિતા. મોક્ષભૂમિકા એટલે ન્યાયસંપન્ન – વિભવ વગેરે ૩૫ ગુણો. આ બધી પાલીતાણાની ધર્મશાળાઓ છે. જાત્રાની પહેલા ધર્મશાળાઓ હોય છે. મોક્ષયાત્રાની પહેલા માર્ગાનુસારિતાના ગુણો હોય છે, જ્યાં યાત્રીને બળ મળે છે, પોષણ મળે છે, ઉપષ્ટંભ મળે છે.

ધર્મરત્ન પ્રકરણમાં મોક્ષની ભૂમિકા તરીકે ધર્મની યોગ્યતા પામવા માટે એકવીશ ગુણો બતાવ્યા છે.

**धम्मरयणस्स जोग्गो अक्खुद्दो रूववं पयइसोमो...**

**જે અક્ષુદ્ર, રૂપવાન, પ્રકૃતિ સૌમ્ય વગેરે ગુણોના ધારક હોય, તે ધર્મરૂપી રત્નને પામવા યોગ્ય થાય છે.**

આ ૨૧ ગુણો મહેલાતો છે, જેમનાથી આધ્યાત્મિક પાલીતાણા શોભે છે. આધ્યાત્મિક પાલીતાણાનું સર્વસ્વ છે ઔચિત્ય. ઔચિત્ય એ રૂડું છે. ઔચિત્ય વગરનું બધું ભૂંડું છે. અનંતજ્ઞાનીઓ કહે છે –

**औचित्यमेकमेकत्र, गुणानां राशिरेकतः ।**
**विषायते गुणग्राम, औचित्यपरिर्जितः ।।**
**એક બાજુ છે એકલું ઔચિત્ય,**
**ને બીજી બાજુ છે ગુણોનો ઢગલો,**
**ઔચિત્ય વગરના ગુણો એ ઝેરથી વધુ કશું જ નથી.**

ઔચિત્ય એ પાલીતાણાની ટિકિટ છે, ઔચિત્ય એ પાલીતાણાનો એન્ટ્રીપાસ છે. ઔચિત્ય નથી, તો પાલીતાણામાં એન્ટ્રી નથી. માર્ગાનુસારિતાના ૩૫ ગુણો અને ધર્મયોગ્યતાના ૨૧ ગુણોનો સાર કંઈ હોય, તો એ ઔચિત્ય છે. યાદ આવે અપુનર્બંધકના લક્ષણોની અમૃતવેલી સજ્ઝાયની કડી –

**પાપ નવિ તીવ્ર ભાવે કરે જેહને નવિ ભવ રાગ રે,**
ઉચિત સ્થિતિ જેહ સેવે સદા તેહ અનુમોદવા લાગ રે...

**પાલીતાણા એટલે ઉચિત સ્થિતિ, વિચારમાં, વાણીમાં, વર્તનમાં, વલણમાં, જીવનમાં... નીતરતું ઔચિત્ય એટલે પાલીતાણા... ઔચિત્ય મૂકીને આપણે ફોગટના દુઃખી થતા હોઈએ છીએ. મજા ઔચિત્ય મૂકવામાં નથી, ઔચિત્ય જીવવામાં છે, જો આપણે એ મજા માણી તો આપણે જ કહેશું કે –**

**એવું રૂડું આ પાલીતાણા ગામ છે...**

પાલીતાણાનો અર્થ જ સિદ્ધગિરિ નથી, પાલીતાણા એ સિદ્ધગિરિને ભેટવાનું માધ્યમ છે. પાલીતાણાએ પહોંચ્યા પછી તળેટીએ પહોંચવું પડે. ચાલો, આપણે આગળ વધીએ.

**જ્યાં તળેટી આવે, ગિરિ દર્શન વિરલા પાવે,**

**પ્રભુના પગલા પુનિત ને અભિરામ છે.**

તળેટી... ગિરિદર્શન... શુદ્ધાત્મદર્શન... જીવાજીવાદિ નવતત્ત્વદર્શન... નવતત્ત્વશ્રદ્ધા... સમ્યગ્દર્શન... સમ્યગ્દર્શન એ તળેટી છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ વિના આધ્યાત્મિક યાત્રાની શરૂઆત જ શક્ય નથી.

તળેટીની પહેલા જે પગથિયા આવે છે, તે ગ્રંથિભેદ છે. ગ્રંથિ સુધી આવનારા અગણિત જીવો હોય છે. વિરલ જીવો એવા હોય છે, જેઓ ગ્રંથિભેદ કરીને સમ્યગ્દર્શન પામી શકતા હોય છે. અભવ્ય જીવો અનંત વાર ગ્રંથિ સુધી પહોંચે છે. પણ યાદ આવે પુષ્પમાલા.

**जे उण अभव्वजीवा ते अणंतसो गंठिदेसपत्ता ।**

**ते अकयगंठिभेया पुणो वि वड्ढंति कम्माइं ।।**

**જે અભવ્ય જીવો હોય છે**

**તેઓ અનંતવાર ગ્રંથિ-દેશ પામ્યા છતાંય**

**ગ્રંથિભેદ કર્યા વિના ફરી કર્મવૃદ્ધિ કરે છે.**

કેટલી સચોટ વાત –

**ગિરિદર્શન વિરલા પાવે**

ને દર્શન મળે એટલે શું થાય?

**પ્રભુના પગલા પુનિત ને અભિરામ છે.**

આત્માના પ્રદેશે પ્રદેશે પ્રભુના પગલા... પ્રભુની પાવન પધરામણી એનું નામ સમ્યગ્દર્શન.

**દાદા તારા પગલા પડ્યા ને આનંદ છાયો...**

યાદ આવે પુષ્પમાળા –

**संसारगिम्हतविओ तत्तो गोसीसचंद्रणरसु व्व।**

**अइपरमणिव्वुइकरं तस्संते लहइ सम्मतं ।।**

સંસાર – ગ્રીષ્મથી તપેલો જીવ

**પછી ગોશીર્ષ ચંદનરસની જેમ અતિ પરમ આનંદકારક સમ્યક્ત્વ પામે છે.**

પ્રભુના પગલા પડે ને આનંદ ન છવાય એવું શી રીતે બને? ચાલો, હજી તો આખી યાત્રા બાકી છે.

**જ્યાં ગિરિવર ચડતા સમીપે, દેવાલય દિવ્ય જ દીપે,**

**બંગાળી બાબુનું અવિચલ એ તો કામ છે.**

તળેટીથી જરાક જ આગળ વધીએ એટલે બાબુનું દેરાસર આવે છે. સમ્યગ્દર્શનની સ્પર્શનાની ક્ષણે આત્માને સમ્યકત્ત્વનું પાંચમું લક્ષણ પ્રાપ્ત થાય છે – આસ્તિક્ય. જિનવચન પર અવિહડ શ્રદ્ધા, ને પછી બીજા ચાર લક્ષણો, અન્ય સંબંદ્ધ ગુણો વગેરે પ્રાપ્ત થાય છે. અનુકંપા, નિર્વેદ, સંવેગ, ઉપશમ, ત્રિવિધ શુદ્ધિ, ત્રિવિધ લિંગ, પાંચ ભૂષણ. એક એક ગુણ એક એક દેરી સમાન છે, આ બધું જ ગુણ-સામ્રાજ્ય એટલે બાબુનું દેરાસર.

સામે જઈએ. સમવસરણ આવી ગયું. દેવ-ગુરુ-સંઘ પ્રત્યેનો અવિહડ અનુરાગ. એ ત્રણ ગઢ. જ્યાં આ સમવસરણ હોય છે, ત્યાં સુધી સ્વયં અવશ્ય સમવસરે છે. તળેટી મળે એટલે સમવસરણ મળવાનું જ છે. સમ્યગ્દર્શન મળે એટલે દેવ-ગુરુ-સંઘ પ્રત્યે અવિહડ અનુરાગ આવવાનો જ છે.

**જ્યાં કુંડ વિસામા આવે થાક્યાનો થાક ભૂલાવે**

**પરબો રૂડી પાણીના ઠામો ઠામ છે.**

**સિદ્ધગિરિની યાત્રામાં કુંડ વિસામા આવે છે.** ૪૫.

આગમમાં ત્રીજું આગમ છે સ્થાનાંગસૂત્ર. તેમાં કહ્યું છે. સમ્યગ્દર્શન પામીને જીવ જેનાથી વિશ્રામ પામે છે, એનું નામ છે દેશવિરતિ. સ્થાનાંગ આગમ કહે છે કે શ્રાવક સામાયિક લે એ એનો વિશ્રામ હોય છે. શ્રાવક પૌષધ લે એ એનો વિશ્રામ હોય છે, શ્રાવક વ્રત પચ્ચકખાણ લે એ એનો વિશ્રામ હોય છે. સદ્ગુરુ એ કુંડ છે. સદ્ગુરુ જિનવાણીનું પાન કરાવે એ પરબ છે.

આધ્યાત્મિક સિદ્ધાચલમાં પગલે પગલે સદ્ગુરુનો સુધાકુંડ છે, ને જિનપ્રવચનની પરબ છે. જેનાથી યાત્રા સ્વયં આરામ બની જાય છે. ગરમીની સીઝન છે, આકરા દાદરા છે, પરસેવો નીતરી રહ્યો છે. હાંફ ચડી રહ્યો છે, ને એમાં આપણે એક વિસામે બેઠા. બાજુમાં જ કુંડ છે. ઠંડા પાણીની પરબ છે. આપણે ગ્લાસ મોઢે માંડીએ છીએ. ઠંડો પવન આપણને સ્પર્શી રહ્યો છે. સામે ક્ષિતિજ દેખાઈ રહી છે. હા...શ થઈ જાય છે. આનું નામ સદ્ગુરુ. સદ્ગુરુનો આધ્યાત્મિક અનુવાદ હાશ છે. મોક્ષયાત્રાના આકરા ચઢાણ, ભીતરી કષાયોની ગરમી, સદ્ગુણોની તૃષા, હિંમત હારી જવાય એવો હાંફ. આ બધામાં સામાયિક-પૌષધનો વિશ્રામ મળે. સદ્ગુરુનું સાન્નિધ્ય મળે, સુધાકુંડને સુધા પરબ મળે, ટૂંકમાં હાશ મળે. થાક્યાનો થાક ભુલાયને જીવ નવા જોમ સાથે મોક્ષયાત્રામાં આગળ વધે.

**જ્યાં હડો આકરો આવે કેડે દઈ હાથ ચડાવે**
**એવી માતા હિંગળા જ જેનું નામ છે.**

આકરો હડો એટલે સાંસારિક મોહ માયા એને ઓળંગવા માટે કપરા ચઢાણો ચડવા પડે છે. સમ્યક્ત્વને દેશવિરતિ મળી, સદ્ગુરુને સદ્ગુરુની વાણી મળી, હવે મોક્ષમાર્ગના જે પડાવે પહોંચવાનું છે એની પહેલા રસ્તામાં મા-બાપ, પત્ની, પુત્ર, ધંધો, પૈસા, સુખશીલતા વગેરે ઊભા છે. આનું નામ હિંગળાજનો હડો.

**ભૌતિક પાલીતાણામાં ડોળીવાળા છે, આધ્યાત્મિક પાલીતાણામાં કોઈ જ ડોળીવાળા નથી. યા તમે જ તમારા ડોળીવાળા છો, યાદ આવે મહાનિશીથ સૂત્ર –**

**अत्ताण णिस्साए संसारमुत्तरेज्जा।**

**તમારે જ તમને ઉંચકીને**
**સંસાર પાર કરાવવાનો છે.**
**યાદ આવે ભગવદ્ગીતા –**
**उद्धरेदात्मनाऽऽत्मानम् ।**
**આત્માથી જ આત્માનો ઉદ્ધાર કરવો.**
યાદ આવે ઋષિભાષિત સૂત્ર
**अप्पणा चेव अप्पाणं चोइत्ता वरए रहं।**

**તું પોતે પોતાને પ્રેરીને મોક્ષયાત્રામાં રથને આગળ વધારજો.**

હિંગળાજનો હડો એ જાત્રાળુની અગ્નિપરીક્ષા છે, સ્વજન એ સાધકની અગ્નિપરીક્ષા છે. યાદ આવે આર્દ્રકુમાર – લોઢાના બંધનો તોડવા સહેલા છે પણ

**तं दुक्करं मे पडिहाइ मोयणं।**

**પુત્રએ બાંધેલા કાચા સૂતરના બંધનો તોડવા એ મુશ્કેલ છે. એમાંથી છૂટવું મને ખૂબ અઘરું લાગ્યું હતું.**

ચઢાણ એ આંશિક દીવાલ હોય છે અવરોધ હોય છે. જ્યાં હાંફી જવું ક્ષમ્ય હોય છે, હારી જવું અક્ષમ્ય હોય છે. પરીક્ષા એ નાની પરીક્ષા હોય છે, નાપાસ થવું કે પરીક્ષા આપવા જ ન જવું એ મોટી પરીક્ષા હોય છે. પરીક્ષાથી છટકવા જાય એનું અસ્તિત્વ જ પરીક્ષામય થઈ જાય છે.

**પરિવાર, પૈસો વગેરે ચઢાણ છે, મોક્ષયાત્રાનો અવરોધ છે. સાધકે ગમે તેટલો હાંફ ચડે તો ય એ અવરોધને ઓળંગીને આગળ વધવું જ રહ્યું. અઘરું છે, પણ પાછા ફરી જવું વધુ અઘરું છે. સંયમ અઘરું છે, સંસાર વધુ અઘરો છે.**

આંતરિક ભવતૃષ્ણા, પારિવારિક સ્નેહના તાંતણા, આમ જોઈએ તો બહુ જ સૂક્ષ્મ છે, પણ ખરેખર એના જેવું જટિલ ને જડબેસલાક બંધન બીજું કોઈ જ નથી. અનાદિકાળમાં આપણે જ્યારે જ્યારે ઉપર આવ્યા ત્યારે ત્યારે આ જ હિંગુલ રાક્ષસે આપણને છે'ક નીચે પાડ્યા.

**બસ, હવે બહુ થયું શાસનમાતાએ આધ્યાત્મિક હિંગળા માતા છે, એમનું શરણ લઈએ તો આપણને સંસારના હિંગુલ રાક્ષસનો કોઈ જ ભય નથી. એક બાજુ સંસાર છે બીજી બાજુ શાસન છે, એક બાજુ મરવાનું છે બીજી બાજુ તરવાનું છે. અનંતવાર તો આપણે સંસાર તરફ ઢળ્યા હવે શાસન તરફ ઢળીએ અને આગળ વધીએ.**

હવે આવ્યું પદ્માવતી માતાનું મંદિર. પદ્માનો અર્થ થાય છે લક્ષ્મી. વિશ્વની ઉત્કૃષ્ટ લક્ષ્મી છે સંયમ લક્ષ્મી. સોના કરતા મોંઘું શું? સંયમ. સંયમ. સંયમલક્ષ્મીએ આધ્યાત્મિક પદ્માવતીમાતા છે. તમે હિંગળાજનો હડો વટાવી ગયા. તમે ડગ્યા વિના આગળ વધતા જ રહ્યા, તો પછી પદ્માવતીમાતાનું મંદિર આવવાનું જ છે. બસ, એ હડો આકરો હતો, એમ લાગતું હતું કે આમાં આપણું કામ જ નહીં, પણ શાસનને સમર્પિત રહ્યા તો એને કેવા ઓળંગી ગયા! ને આપણને લાગતું હતું કે સંયમ અઘરું છે. આગળ પણ આવા હડા જ આવશે, પણ હવે તો કેવું સહેલુંને મજાનું લાગે છે ને?

**પદ્માવતી માતાના મંદિર સાથે ચોવીશ તીર્થંકરોના પગલાઓ છે, આ એક સંકેત છે, ચોવીશે તીર્થંકરોએ, ના બલ્કે અનંતી ચોવીશીના અનંતા તીર્થંકરોએ સંયમલક્ષ્મી જ અપનાવી હતી. અનંતા તીર્થંકરોનો સંયમસ્વીકાર જોવાનો પ્રયાસ કરીએ. ઓછો લઈને નાચતી આપણી જાતને અનુભવવાનો પ્રયાસ કરીએ, અણગારના વેષમાં રહેલી આપણી જાતને જોવાનો પ્રયાસ કરીએ અને આગળ વધીએ.**

આ સામે લીલી ધજા દેખાય. આ છે ગ્રીન સિગ્નલનો સંકેત. તમે સંયમ લીધું, ભાવથી સંયમ લીધું હવે તમારો આગળનો રસ્તો ક્લીયરને આ આવી હનુમાનધારા. હનુમાનજીએ સમર્પણનું પ્રતીક છે. કેવો સીધો રસ્તો છે ને હનુમાનધારાનો! સમર્પણ એ આધ્યાત્મિક હનુમાનધારા છે. સંયમ તો મળ્યું, હવે એને સફળ કરવા માટે આપણે સમર્પિત બનવાનું છે, સીધા બનવાનું છે. આગમમાં વારંવાર સાધકને આ સંદેશ અપાયો છે उज्जू। – તું સીધો બનજે.

**એમ ગિરિવર ચડતા ભાવે રામપોળ છેલ્લે આવે**
**ડોળીવાળાના વિસામાનું કામ છે.**

'રામ' શબ્દની વ્યુત્પત્તિ બહુ જ મજાની છે.

रमन्ते योगयोऽस्मित् इति रामः જેની અંદર યોગીઓ રમણ કરે એનું નામ રામ. યોગીઓ જ્ઞાનમાં રમણ કરે છે. સંયમ મળ્યું, સમર્પિત બન્યા, હવે જ્ઞાનમાં રમવાનું. જપ આગમો. અદ્‌ભુત ગ્રંથો. પૂ. હરિભદ્રસૂરિ મહારાજાના ગ્રંથો. કલિકાલસર્વજ્ઞના ગ્રંથો. પૂ. મહોદય યશોવિજયજી મહારાજના ગ્રંથો. ચઢળક શાસ્ત્રો. આનું નામ રામપોળ.

આપણે જ આપણા ડોળીવાળા છીએ. જ્ઞાન એ આપણો વિશ્રામ છે, જે બધો જ થાક ઉતારીને નવું જોમ આપે છે, બહુશ્રુત બન્યા. ગીતાર્થ બન્યા. હવે આગળ વધીએ.

**જ્યાં નદી શેત્રુંજી વહે છે, સૂરજકુંડ શોભા દે છે**
**નાહ્યો નહીં જે એનું જીવન બે બદામ છે.**

જ્ઞાની થઈને પણ શું થવાનું? પરિણતિ મેળવવાની, પરિણતિ એ શેત્રુંજી નદી છે. એના વિનાનું જ્ઞાન લુખ્ખું છે. સાધના એ સૂરજકુંડ છે. સાધના વિનાની પરિણતિ ય અધુરી છે, એને સાચી પરિણતિ જ ન કહેવાય. અબજો રૂપિયા મળ્યા હોય કે લાખો ભક્તો મળ્યા હોય, જો પરિણતિ અને સાધના દ્વારા સ્નાન નથી કરવામાં આવતું, તો જીવન બે બદામથી વધુ કશું જ નથી.

**જ્યાં સોહે શાંતિનાથ દાદા સોળમા જિન ત્રિભુવન ત્રાતા**
**પાળે જાતા સહુ પહેલા પ્રણામ છે.**

પરિણતિ અને સાધના ય મળી એનું ફળ શું? આત્મા ઠરી જાય એ બધી જ રીતે શાંત થઈ જાય એ સમગ્ર કષાયો ઉપશાંત થઈ જાય એ ઉપશમ એ આધ્યાત્મિક શાંતિનાથ દાદા છે. ઉપશમ એ શ્રામણ્યનું સર્વસ્વ છે. યાદ આવે કલ્પસૂત્ર –

**उवसमसारं खु सामण्णं ।**

શ્રામણ્યનો સાર છે ઉપશમ.

યાદ આવે સિદ્ધસેન દિવાકરસૂરિ મહારાજા –

**यत्नः श्रुताच्छतगुणः शम एव कार्यः ।**

તમે શ્રુત માટે તો પુરુષાર્થ કરજો જ,
પણ એનાથી ય સો ગણો પુરુષાર્થ ઉપશમ માટે કરજો.

**જ્યાં ચક્રેશ્વરી છે માતા વાઘેશ્વરી દે સુખશાતા**
**કવડજક્ષાદિ સૌ દેવતા તમામ છે.**

યાદ આવે યોગશતકવૃત્તિ –

**प्रायश्चारित्री देवतापरिगृहीतो भवति ।**

**પ્રાયઃ કરીને દેવતાઓ સંયમીનું સાન્નિધ્ય કરતા હોય છે.**

સંયમ છે, સમર્પણ છે, જ્ઞાન છે, પરિણતિ, સાધના અને ઉપશમ છે ત્યાં દેવતાઓનું અધિષ્ઠાન હોવાનું જ છે.

બીજી અપેક્ષાએ જોઈએ તો ચારિત્રશુદ્ધિ એ આધ્યાત્મિક ચક્રેશ્વરી માતા છે, પરીષહોને ઉપસર્ગો સમક્ષ સામી છાતીએ તિતિક્ષાએ આધ્યાત્મિક વાઘેશ્વરી માતા છે. બાહ્ય અને આભ્યંતર તપ એ આધ્યાત્મિક કવડયક્ષ છે. પછી તો મોહરાજા ગમે તેટલા ધમપછાડા કરે, ગમે તેવી વાઘણપોળ પણ આત્માને અટકાવી નહીં શકે. સદ્‌ગુણોની સુવાસ આત્માના આંતરિક ઉપવનને મઘમઘાય. માન કરી દેશે. ફૂલવાળાના અવાજ સંભળાય છે. લો આ હાર. આધ્યાત્મિક દૃષ્ટિએ જોઈએ, તો શિવસુંદરી જાણે વરમાળા પહેરાવવા ઉત્સુક બની છે.

હાથી એ શ્રેષ્ઠ પ્રાણી કહેવાય છે. શ્રેષ્ઠ પ્રાણોભાવ પ્રાણો છે. માટે હાથી એ સિદ્ધત્વનો સંકેત છે. હાથીપોળ કહે છે. પધારો આગળ. હવે તમારું કામ થઈ ગયું. એક એક દાદરો ક્ષપકશ્રેણિનું એક એક સોપાન બન્યો છે. ઘાતી કર્મોના ભુક્કા બોલતા જાય છે, ને... ને...

**જ્યાં આદિશ્વર બિરાજે જે ભવની ભાવક ભાંજે,**
**પ્રભુજી પ્યારા નીરાગીને નિષ્કામ છે.**

દાદાને જોયા એણે બધું જ જોયું. દાદાએ આધ્યાત્મિક કેવળજ્ઞાન છે. દાદા મળ્યાનો નૈશ્ચયિક અર્થ છે કેવળજ્ઞાન મળ્યું. દાદા મળ્યાનો આધ્યાત્મિક અર્થ છે વીતરાગતા મળી. દાદા મળ્યા એટલે ભવના ભાવઠ ભાંજી. નીરાગી મળે પછી રાગ ક્યાં રહે? નિષ્કામ મળે પછી દ્વેષ ક્યાં રહે?

આપણે આપણે જ છીએ ત્યાં સુધી દાદા મળ્યા નથી. આપણે મટી જાય, આપણે દાદા થઈ જઈએ. ત્યારે દાદા ખરા અર્થમાં મળ્યા કહેવાય. કેવળજ્ઞાન પહેલા વીતરાગતા પહેલા દાદા મળવા શક્ય જ નથી. દાદા જ તો કેવળજ્ઞાન અને વીતરાગતા છે, એમના વિના દાદા શા રીતે મળી શકે?

**દાદા મળ્યા ને ખરેખર ભવની ભાવઠ ભાંજી...**
**જ્યાં રાયણ છાંય નીલુડી, પ્રભુ પગલા પરે પરે રૂડી**
**શીતલકારી એ વૃક્ષનો વિરામ છે.**

સર્વજ્ઞતાને વીતરાગતા સાથે જોડાયેલું છે અદ્‌ભુત સુખ. યાદ આવે ઇન્દ્રિયપરાજયશતક –

**जे लहइ वीयरागो सुक्खं तं मुणइ सुच्चिय ण हु अन्नो।**
**ण हि गतासूयरओ, जाणइ सुरेलोइयं सुक्खं।।**

વીતરાગ ભગવાન જે સુખ મેળવે છે,

તેને તે જ સમજી શકે,

બીજા નહીં,

ગટરનું ભૂંડ હોય એ દેવલોકના સુખને શી રીતે સમજી શકે?

રાયણવૃક્ષ એ આધ્યાત્મિક દૃષ્ટિએ વીતરાગતાના સુખનું પ્રતિક છે. શીતળકારી એ વૃક્ષનો વિરામ છે.

**જ્યાં સોહે પુંડરીક સ્વામી, ગિરૂઆ ગણધર ગુણરામી**

**અંતરયામી આતમના આરામ છે.**

પુંડરીક સ્વામીની પ્રતિમા સિદ્ધાવસ્થામાં છે. વીતરાગનું સુખ છેવટે સિદ્ધત્વના સુખમાં પરિણમે છે. અંતર્યામી. અનંતજ્ઞાન. અનંતદર્શનને આત્મારામતા આત્માનું અનંત સુખ. અદ્ભુત યાદ આવે આગમ –

**सुरगणसुहं समग्गं सव्वद्धापिंडियं जइ हवेज्जा।**

**ण वि पावइ मुत्तिसुहं णंताहिं वग्गवग्गूहि।।**

સર્વ દેવતાઓનું સર્વ સુખ ભેગું કરાય,

તેના સર્વ ક્ષણોના સર્વ સમયો જેટલા વર્ગ કરાય

તો યે તે સિદ્ધના સુખને આંબી શકતું નથી,

તેના હજી અનંત વર્ગો કરવામાં આવે,

તો પણ તે મોક્ષના સુખને આંબી શકતું નથી.

પુંડરીક સ્વામીનો અર્થ છે સિદ્ધદશા. પુંડરીક સ્વામી મળ્યા એટલે સિદ્ધદશા મળી હવે?

**જ્યાં નીરખીને નવ ટૂંકો, પાતિકનો થાયે ભુક્કો,**

**દિવ્ય દહેરાની અલૌકિક કામ છે.**

નવ ટૂંકો એટલે દિવ્ય દેવાલયોની લોકોત્તર સૃષ્ટિ. સેંકડો દેરીઓ. હજારો પ્રતિમાઓ. સિદ્ધદશા એટલે આત્માના અનંતાનંત ગુણોની ઝળહળતી સૃષ્ટિ. નવટૂંક એ આત્માના સિદ્ધદશાનો આનંદનીય આસ્વાદ છે. એને જોવાથી ય યાતિકનો ભુક્કો થતો હોય, તો પછી એને માણવાની તો વાત જ શું કરવી?

**જ્યાં ગૃહિલિંગ અનંતા, સિદ્ધિપદ પામ્યા સંતા,**

**પંચમકાળે એ મુક્તિનું મુકામ છે.**

ગૃહસ્થપણે ય કેવળજ્ઞાન થાય એ ખૂબ ખૂબ Rare Case કહેવાય. એવા Cases પણ અહીં અનંતા થઈ ગયા છે, તો પછી જે Rare નથી એવા – સાધુવેષે કેવળજ્ઞાન મોક્ષ પામનારાના Casesની તો શું વાત કરવી?

એક ગ્રંથ છે સિદ્ધપ્રાભૃત. એવી અંદર જુદા જુદી રીતે મોક્ષે જનાર જીવોના રેશિયો અપાયા છે. તેમાં ગૃહિવેષે કેવળજ્ઞાનાદિ પામનાર ઘણાં ઓછા બતાવ્યા છે. તે ય અહીં અનંતા થઈ ગયા એ ગિરિરાજનો અપરંપાર મહિમા છે. ગિરિરાજ એટલા માટે જ ગિરિરાજ છે કે એ આધ્યાત્મિક ગિરિરાજ છે. એના જેટલા ગુણ ગાઈએ એટલા ઓછા છે.

**જ્યાં કમલસૂરિ ગુણ ગાવે એ લાભ અનંતો પાવે,**

**યાત્રા કરવા મનડાને મોટી હામ છે.**

સિદ્ધાચલના ગુણગાનમાં અનંત લાભ નિશ્ચિત છે. પૂ. કમલસૂરિજી મહારાજ સાહેબ આપણને ઇન્ડાઈરેક્ટલી કહેવા માંગે છે – મનડામાં મોટી હામ ભર્યા વિના ગિરિરાજની તાત્ત્વિક યાત્રા શક્ય જ નથી. અંદરના અને બહારના બધા જ પડકારોનો સામનો કરી શકે તે જ ગિરિરાજની તાત્ત્વિક યાત્રા કરી શકે.

નિશ્ચયયાત્રા વગરની વ્યવહારયાત્રા અધુરી છે. યથાશક્તિ વ્યવહારયાત્રા વિનાની નિશ્ચયયાત્રા એ દંભ છે.

**नयद्वयात्तं हि जिनेन्द्रदर्शनम् ।**

જિનેન્દ્રદર્શન તો બંને નયોના સમન્વયને આધીન છે. યાદ આવે સવાસો ગાથાનું સ્તવન –

**નિશ્ચયદૃષ્ટિ હૃદય ધરી જી, પાળે જે વ્યવહાર,**

**પુણ્યવંત તે પામશે રે, ભવ સમુદ્રનો પાર.**

**બાહરી યાત્રાને ભીતરી યાત્રા,**

**વ્યવહાર યાત્રાને નિશ્ચય યાત્રા,**

**ભૌતિક યાત્રાને અધ્યાત્મયાત્રા,**

**બંનેના સમન્વયની યાત્રા**

**આપણા સૌમાં સાકાર થાય**

**એ જ એક અભ્યર્થના.**

પરમ તારક પરમ શ્રદ્ધેય શ્રીજિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.

***(અહીં બતાવેલ આધ્યાત્મિક સંયોજનાની જેને જાણ નથી, તેના યાત્રા ખોટી છે એવું ન માનવું. પ્રત્યેક યોગમાં અગણિત પ્રકારની આધ્યાત્મિક સંયોજના થઈ શકે છે. જેમાં એક પણ એકાન્તે સાચી કે ખોટી હોતી નથી. શુભભાવ વૃદ્ધિ હેતુ સંયોજના સાચી હોય છે. બીજાને ખોટા પાડવાનો આગ્રહ કરતી સંયોજના ખોટી હોય છે. જેને બીજા કશી જ ખબર પડતી નથી, ફક્ત શ્રદ્ધા-સદ્ભાવનો અંશ પણ હોય તેની યાત્રા સફળ અને અનુમોદનીય ગણવી.)***

✦ ✦ ✦